રે. દિ. મુ. નં. ૩૫/૨૦૨૨

આંક –૫ નીચે હુકમ

૧) વાદીઓએ હાલની અરજી સિવિલ પ્રોસીજર કોડનાં ઓર્ડર–૩૯, રૂલ–(૧) (૨) તથા કલમ–૧૫૧ ની જોગવાઈ હેઠળ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલી છે. જે અરજી વંચાણે લીધી.

૨) હાલના અરજીની અન્વયે વાદીઓએ તેમની અરજીના પેરા નં.(૮) જણાવ્યા અને માંગ્યા મુજબની દાદની માંગણી કરેલ છે.

૩) આ કામના પ્રતિવાદીઓને દાવા તથા મનાઈ અરજીનો સમન્સ/નોટીસ બજતા તેઓ તેમના વિ.વકીલશ્રી મારફત આંક–૮ અને ૯ ની હાજર થયેલા છે. જેમાં પ્ર તિવાદી નં.૧ એ આંક–૪૨ થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે. પરંતુ પ્રતિવાદી નં.૨ ને જવાબ રજુ કરવા વારંવાર મુદતો આપવા છતાં જવાબ રજુ કરેલ ન હોય જવાબનો હકક તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

પ્રતિવાદી નં.૧ એ તેમના આંક–૪૨ ના લેખિત જવાબમાં વાદીના દાવા તથા મનાઈ અરજીની સ્પષ્ટ પણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ ગાંધીનગર સબ ડિસ્ટ્રિક્ટ તાલુકા માણસા ના મોજે ગામ માણસા ખાતે આવેલ સિ સર્વે નંબર 120/બ/1/41 વાળી મિલકતમાં પ્લોટ નંબર 41 કે જેના પ્લોટનું ક્ષેત્રફળ 144.58 ચોરસ મીટર વાળી મિલકત આવેલ છે જે મિલકત પ્રતિવાદી નંબર 1 નાએ વેચાણ હકે વેચાણ રાખેલ છે તે વેચાણ રાખી તે પહેલા આ કામના વાદીઓએ જે દાવો કરેલ તેનું પંચનામું કરાવેલ છે તે પંચનામા મુજબ દાવો વાળી મિલકત અને વાદીઓના ઘર વચ્ચે એને પ્લાન મુજબ રસ્તો આવેલ છે જેમાં પૂર્વ બાજુએ બધા મકાનો આવેલ છે જેમાં વાદીઓ રહે છે ત્યારબાદ વચ્ચે રસ્તો અને પશ્ચિમ બાજુ આ જ નંબરનું સનરાઈઝ કોમ્પ્લેક્સ બનેલ છે તેમાં અમો પ્રતિવાદી નંબર એકના પતિની દુકાનો

આવેલ છે આમ સનરાઈઝ કોમ્પ્લેક્સની પછી જે પ્લોટ નંબર 41 છે તે જગ્યા ખુલ્લી હતી તેથી અમોએ વેચાણે લીધી તે પહેલા સોસાયટીના રહીશો તેમ જ તેમના ત્યાં આવતા જતા મહેમાનો માટે જે જગ્યા ગાડી પાર્કિંગ માટે અને અન્ય રીતે વાદીઓ ઉપયોગમાં લેતા હતા પરંતુ જ્યારે અમોએ તે જગ્યા વેચાણ લઈ બાંધકામ કરતાં પહેલાં જરૂરી પરવાનગી પ્રતિવાદી નંબર બે પાસેથી લીધેલી જેવાદીઓએ રજૂ કરેલ છે રોડ રસ્તા ઉપર અમારું કોઈ દબાણ આવેલ નથી અમોને મળેલ મંજૂરી મુજબ જ બાંધકામ કરેલ છે અમોએ કોઈ દબાણ કરેલ નથી કે કોઈના હક હિસ્સાને નુકસાન થાય તે રીતે બાંધકામ કરેલ નથી પરંતુ વાદીઓ જે ખુલ્લી જગ્યા ભોગવવા મળતી હતી તે બંધ થતા અમોને હેરાન પરેશાન કરવા ખોટી હકીકતો ઊભી કરી દાવો કરેલ છે અમારી સોસાયટીમાં પ્લોટનું વેચાણ કરી તેમાં મંજૂરી મેળવી જે રીતે મંજૂરી મળે તે રીતે બાંધકામ કરી મકાન માલિક મકાન બનાવે છે અમોએ પણ કાયદેસર વેચાણ રાખી મંજૂરી મેળવી બાંધકામ કરેલ છે અને કોઈ જગ્યાએ દબાણ કરેલ નથી અમોએ કોઈ ગેરકાયદેસર બાંધકામ પણ કરેલ નથી અમો અમારી માલિકીની જગ્યામાં જ છીએ જેથી વાદીઓએ પોતાની ઓળખાણ અને લાગવગ નો ઉપયોગ કરી ખોટી હકીકતો ઊભી કરી પ્રતિવાદી નંબર બેને નોટિસ આપેલ તે નોટિસ પણ ગુજરાત પંચાયત એક્ટ મુજબ આપેલ છે જે ચાલી શકે તેમ નથી નોટીસ આપેલ એટલે નગરપાલિકા આવી જોઈ ગયેલ તો કોઈ જગ્યાએ વધારાનો બાંધકામ ન હોય તેથી નગરપાલિકાએ કોઈ કાર્યવાહી કરેલ નહીં એટલે નગરપાલિકા ઉપર દબાણ લાવવા ગુજરાત પંચાયત એક્ટ મુજબ નોટિસ આપેલ તેને ખોટી રીતે નગરપાલિકાને પણ પક્ષકાર તરીકે લીધેલ છે તેવું તેમના દાવામાં જ ફલિત થાય છે કારણ કે નગરપાલિકા સામે કોઈ જ દાગ દાવામાં કે મનાય અરજીમાં માંગેલ નથી તે જ બતાવે છે કે વાદીઓ સ્વચ્છ હાથે ન્યાય લેવા આવેલ નથી કેવળ અમોને હેરાન પરેશાન કરવાના ઇરાદે આવેલ છે આપ સાહેબમાં દાવો દાખલ કર્યા બાદ પંચનામું વાદીઓ દ્વારા જ કરવામાં આવે છે તે જોવામાં આવે તો પણ અમારું કોઈ જગ્યાએ દબાણ નથી તેમ જ વાદીઓના મકાન અને અમારી મિલકત વચ્ચે જાહેર રસ્તો આવેલ છે અને તે રસ્તો આજે પણ ખુલ્લો છે કોઈ રીતે દબાણ થતું નથી તેમ જ વાદીઓના મકાનમાં જવા આવવા માટેના રસ્તામાં કે તેમના સુખ અધિકારમાં કોઈપણ પ્રકારનો અડચણ અવરોધ થતો નથી તેમ જ તેઓ જે છજુ બચાવે છે તે પણ કોઈ રીતે અડચણ અવરોધ થતો નથી જો વાદી સાચી રીતે

ન્યાય લેવા આવેલ હોય તો દાવો તેઓએ તારીખ 19 4 22 ના રોજ દાખલ કરેલ છે અને રેકર્ડ ઉપર જોતા દાવા દાખલ કરી કોઈ અરજન્સી બતાવેલ નથી કેવળ ધીમે ધીમે કામગીરી કરેલ છે આમ જો તેઓ દાવો લઈ આવેલ છે તે મુજબ બાંધકામ હોય તો અવશ્ય તેઓ દાવો ચલાવવા માટે ઉતાવળ કરેલ હોત પરંતુ વર્ષ અને પાંચમા સુધી કોઈ ઉતાવળ વાદી તરફે રેક ઉપર દેખાતી નથી તે જ બતાવે છે કે વાદીઓએ ખોટી રીતે અમુક પ્રતિવાદીઓને હેરાન કરવા માટે દાવો મનાય દાખલ કરેલ છે તેમ જ તેઓએ ઇરાદાપૂર્વક ચતુર સીમા પણ દર્શાવેલ નથી જો ચતુ સીમા બતાવેલ હોત તો તેઓના મકાનો અને અમોએ રાખેલ જગ્યા વચ્ચે શું તફાવત છે તે સ્પષ્ટ થાત તેમજ તેઓ જે રીતે સુખાધિકારની વાત કરે છે તે પ્રમાણે જોતા પંચનામુ જોવામાં આવે તો અગાઉથી જ સનરાઈઝ કોમ્પલેક્ષ પશ્ચિમ દિશામાં છે અને તે જ માપતળની ઊંચાઈએ અમે બાંધકામ કરેલ છે જેથી એવો કોઈ હકો ને હવા ઉજાસના હકોને નુકસાન થતું નથી. વાદીઓનો ચાલી શકે એવો નથી વાદીઓએ પ્રતિવાદી નંબર 2 ને ગુજરાત પંચાયત એક્ટ મુજબ નોટિસ આપેલ છે જયારે પ્રતિવાદી નંબર 2 માણસા નગરપાલિકા છે અને નગરપાલિકાના કાયદાની જોગવાઈ મુજબ કોઈ નોટિસવાદીઓને આપેલ નથી જે મેડીટરી પ્રોવિઝન છે તેનો વાદીઓએ પાલન કરેલ નથી. આથી નો દાવો મનાય અરજ રજ થવા પાત્ર છે અને અમો પ્રતિવાદીઓને ફક્ત હેરાન પરેશાન કરવા સારું હાલનો દાવો કરેલ છે તેવું જણાઈ આવતું હોય પ્રતિવાદી નંબર 1 ને cpc ની જોગવાઈ મુજબ ખર્ચ અપાવવા મેં થવી તથા વાદીઓની મનાય અરજી રદ કરવા મે થવી.

૪) વાદીએ હાલની અરજીના સમર્થનમાં આંક-૩ ના લીસ્ટ થી નિશાની-૩/૧ અને નિશાની-૩/૫ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

જયારે આ કામે પ્રતિવાદી નં.૧ એ આંક-૪૩ ના લીસ્ટ થી નિશાની-૪૩/૧ થી ૪૩/૭ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

આ કામે નિશાની-૩૯/૨ થી કોર્ટ કમીશ્નરશ્રી દ્વારા સ્થળ સ્થિતિનું કરવામાં આવેલ પંચનામું તથા નિશાની-૩૯/૩ થી કોર્ટ કમીશ્નરશ્રી દ્વારા સ્થળસ્થિતિનો દોરવામાં આવેલ હાથ નકશો રજુ કરેલ છે.

૫) આ કામે વાદીના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી ધ્યાને લેવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીઓ તર્ફે પ્લોટ નં.૪૧ માં આ કામના પ્ર તિવાદીએ જગ્યા રાખેલ છે અને ૧૪૪.૫૮ ચો.મી. વાળી રહેણાંક નું મકાન બનાવવા માટે નગરપાલિકા પાસે પ્લાન રજુ કરી અને તે મુજબની પરવાનગી આવેલ અને પ્લાનમાં જણાવ્યા મુજબનું બાંધકામ કરેલ છે પરંતુ આ પરવાનગી તેઓને રહેણાં કના હેતુ સારૂ આપવામાં આવેલી છે. જયારે પ્રતિવાદી જે બાંધકામ કરી રહેલ છે તે રહેણાંકના હેતુ અન્વયેનું હોય તેવું જણાઈ આવતું નથી. વધુમાં મકાનના આગળના ભાગે અને ઉત્તર–પૂર્વ બાજુ એમ બન્ને બાજુ માર્જીનની જગ્યા છોડવાની શરતે પરવાનગી આપવામાં આવેલી છે. તે મુજબ માર્જીનની જગ્યા પ્રતિવાદીઓ એ છોડેલ નથી. માર્ક–૩/૧ વંચાણે લેતાં પ્રતિવાદીએ ગોડાઉન બનાવવાનું શરુ કરેલ છે તે મુજબ નગરપાલિકાને નોટીસ આપી જાણ કરેલ. પરંતુ નગરપાલિકાને આ કલમ–૨૭૦ મુજબની નોટીસ આપવા છતાં તેઓ તર્ફે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી હાલનો દાવો દાખલ કરવાની જરુર પડેલ છે. તેમજ નગરપાલિકાએ નોટીસ અન્વયેનો કોઈ ખુલાસો કે જવાબ કે પ્રતિવાદી એ નિયમસરનું બાંધકામ કરેલ છે તેવી પણ કોઈ હકીકત જણાવતો પત્ર કલમ–૨૭૦ અન્વયેની નોટીસ અન્વયે આપેલ નથી. વધુમાં, વાદી તર્ફે કોર્ટ કમીશ્નરશ્રી મારફત જે પંચનામું કરવા ગયેલા તે પ્લાન પાસ કરેલ હતો તે સાથે રાખી પંચનામું કરેલ છે જે પંચનામું જોતાં તે હકીકત સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદીએ કરેલ બાંધકામ સંપૂર્ણ બાંધકામ છે અને તેણે કોઈ માર્જીનની જગ્યા છોડેલ નથી. વધુમાં તેના પ્લાન પાસ અંગેનો જે નકશો રજુ થયેલ છે તે નકશાથી વિપરીત બાંધકામ કરેલ છે. વધુમાં, માર્જીનની જગ્યા પ્રતિવાદીએ છોડેલ નથી તે ઉપરાંત તેના મકાનમાંથી છજ્જુ બહાર કાઢેલ છે. આમ, તે માર્જીનની જગ્યા ન છોડવા ઉપરાંત વધારાનુ છજ્જુ કાઢી દબાણ કરેલ છે તેવું સ્પષ્ટ પ્રસ્થાપિત થાય છે.

અને હાલ પ્રતિવાદીના મકાનનું જે બાંધકામ છે તે બાંધકામ વધુ કરતા અટકાવે નહી તે સારૂ હાલનો મનાઈ હુકમ માંગેલ છે.

વધુમાં, પ્રતિવાદીના આ કૃત્યથી વાદીઓના સૂર્ય પ્રકાશ તથા હવા ઉજાસનો પ્રશ્ન થાય છે. કારણ કે, માર્જીનની જગ્યા ન છોડવાથી જે હવા ઉજાસ અને સૂર્ય પ્રકાશ અવરોધાય છે તે મેળવવા વાદી કાયદેસર હકકદાર છે.

વધુમાં, આ કામે કરવામાં આવેલ પંચનામું તથા નકશો તથા પ્લાન તથા કરવામાં આવેલ બાંધકામ જોવામાં આવે તો તે દરેક વસ્તુ એકબીજાથી જુદી જુદી જણાય આવે છે. જેથી વાદી પોતાનો પ્રાયમાફેસી કેસ સ્પષ્ટ સાબીત કરે છે.

વધુમાં ઈરપેબલ લોસ અંગે ધ્યાને લઈએ તો હવા ઉજાસ અને સૂર્ય પ્રકાશની મુખ્ય તકરાર હોય ત્યારે આ પ્રકારનું નુકશાન કોઈ નાણામાં આકારી શકાય નહી તે પ્રકારનું છે.

<u>**સગવડ અગવડતાની સમતુલા :–**</u>

વાદી ધ્વારા સગવડ અગવડની સમતુલા અંગે રજુઆત કરવામાં આવેલ છે કે, વાદીઓનો સૂર્ય પ્રકાશ અને હવા ઉજાસનો હકક એ સગવડતા ઉભી કરે છે અને પ્રતિવાદીએ જયારે પ્લાન અને મંજુરીથી વિરુધ્ધનું બાંધકામ કરેલ હોય ત્યારે થતી અગવડ માટે પ્રતિવાદી જવાબદાર છે અને તેની સીધી અસર વાદીને થાય. જેથી સગવડ અગવડની સમતુલા પણ વાદી તર્ફે જણાય આવે છે.

પ્રતિવાદી તર્ફે પાર્કીગ અંગે એવી રજુઆત કરવામાં આવે છે કે, પાર્કીગ માટે સદર પ્લોટનો ઉપયોગ થતો હોય અને તેઓએ આ જગ્યા ખરીદ કરી મકાન બનાવવાનું શરુ કરેલ હોય વાદીઓને તે અંગે તકલીફ થતા ખોટી રીતે હેરાન કરવા હાલનો દાવો કરેલ છે. પરંતુ આ હકીકત તદ્દન ખોટી છે. કારણ કે, સોસાયટીમાં પ્લાનમાં પાર્કીગ માટે અલગથી જગ્યા ફાળવેલ છે. જેથી પાર્કીગના હિસાબે વાદીઓ દાવો લઈ આવેલ હોય તે હકીકત માનવા લાયક નથી.

આમ, પ્રતિવાદીએ માર્જીન છોડી બાંધકામ કરેલું નથી. વધારાનું છજુ કાઢેલ છે તથા જે પ્લાન પાસ કરેલ હતો તે મુજબનું બાંધકામ કરેલું નથી. હવા ઉજાસનો હકક અવરોધાય છે અને નગરપાલિકાને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી કરેલ ન હોય હાલનો કામ ચલાઉ મનાઈ હુકમ વાદી તર્ફે આપવા સારૂ વિનંતી કરેલ છે.

૫.૧) પ્રતિવાદી નં.૧ તર્ફે મૌખિક દલીલો સાંભળી ધ્યાને લેવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

ખરેખર પ્રતિવાદીનું બાંધકામ પ્લાન મુજબ નથી અથવા તો વધારાનું બાં ધકામ કરવામાં આવેલ છે તે અને તેનો પ્લાન અને તેના દસ્તાવેજ જોઈ નકકી કરી શકાય. ફકત વાદીના કહેવા માત્ર થી આ હકીકત માની શકાય નહી.

હવે, આ કામે વાદીના મકાનો આ સનરાઈઝ કોમ્પલેક્ષમાં આવેલ છે કે કેમ ? તે દર્શાવતો કોઈ પુરાવો વાદીએ રજુ કરેલ નથી. વાદીના કહેવા મુજબ ખરેખર પ્રતિવાદીએ માજીનની જગ્યા છોડેલ નથી અથવા તો પ્લાન મુજબની કામગીરી કરેલ નથી તે દર્શાવવા માટે સર્વે નં.૧૨૦/બ/૧/૧૪૧ વાળા કોઈ પ્લાન કોઈ એન.ઓ.સી. કે કોઈ નકશો રજુ કરેલ નથી તેમજ તેનો સંપૂર્ણ પ્લાન પણ રજુ કરેલ નથી. અને સ્પષ્ટ રજુઆત કરવામાં આવેલ છે કે પ્રતિવાદીઓ ટાર્ગેટેડ વ્યકિત તરીકે વાદીઓના નિશાન પર છે.

આ પ્રતિવાદીના ખરીદી વાળા પ્લોટ નં.૧૪૧/૪૧ વાળો ખરીદી કરેલ છે તેનો દસ્તાવેજ કે તેનો ઈન્ડેક્ષ કે પ્રોપર્ટી કાર્ડની નકલ તથા સીટી સર્વે રેકર્ડ વાદી તર્ફે રજુ કરેલ નથી.

દાવા તારીખ પહેલા માર્ક–૩/૪ વાળી ફરીયાદ વાદીએ તા.૨૬/૧૧ /૨૦૨૧ ના રોજ આપેલ છે જેમાં તેઓએ એવું જણાવેલ છે કે, પ્રતિવાદી ભોગવટો કરવા દેતા નથી. અને ઈરાદા પૂર્વક પ્રતિવાદીનું મકાન આવેલ છે તેની કોઈ ચતુ:સીમા દર્શાવેલ નથી.

દાવાનું કારણ અને વાદીઓએ જે કોઈ પ્રક્રિયાઓ અનુસરેલ છે તે વચ્ચે ઘણો બધો સમય ગાળો વ્યતિત થયેલ છે. જોવામાં આવે તો માર્ક– ૩/૧ માં વાદીએ નગરપાલિકાને પ્રતિવાદીના બાંધકામ અંગે આપેલ નોટીસ રજુ કરેલ છે. ત્યારબાદ સને ૨૦૨૧ માં વાદીએ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ અને જે અન્વયેનો કેસ માણસા કોર્ટમાં દાખલ છે અને હાલમાં ચાલે છે. ત્યારબાદ સને ૨૦૨૨ માં વાદીઓએ આ પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો પણ દાખલ કરેલો.

આમ, સને ૨૦૨૦–૨૧ અને ૨૨ માં જુદી જુદી પ્રક્રિયાઓ વાદીઓએ અનુસરેલ છે. જે દર્શાવે છે કે, વાદીઓનું ઈન્ટેશન માલાફાઈડ એટલે કે પ્રતિવાદીઓને ફકત અને ફકત હેરાન પરેશાન કરવાનું જ જણાઈ આવે છે. માર્ક– ૩/૨ વંચાણે લેવામાં આવે તો પ્રતિવાદીએ વિકાસ પરવાનગી મેળવી બાંધકામ શરુ કરેલ છે. હવે જો, વાદીની નગરપાલિકાને આપવામાં આવેલ અરજી સાચી અને કાયદા મુજબની હોત તો નગરપાલિકાએ પ્રતિવાદીને બાંધકામ ન કરવા અથવા તો જો નિયમ વિરુધ્ધનું બાંધકામ કરેલ હોય તો બાંધકામ નિયમ મુજબ કરવા સારૂ કોઈ ને કોઈ કાર્યવાહી કરેલ હોત. પરંતુ આવી કોઈ કાર્યવાહી નગરપાલિકા અથવા વિકાસ કમીશ્નર ધ્વારા પ્રતિવાદી વિરુધ્ધ કરવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી. હવે, વાદીઓ જો એવું જણાવતા હોય કે, પ્રતિવાદીએ પ્લાન વિરુધ્ધનું બાંધકામ કરેલ છે કે બાંધકામ ખરેખર કરવામાં આવેલ છે કે કેમ ? વાદીએ સ્પષ્ટ રેકર્ડ ઉપર લઈ આવવું જોઈએ. પરંતુ આવી કોઈ હકીકત વાદી રેકર્ડ ઉપર લઈ આવેલ નથી. હવે, માર્ક–૩/૧ થી આપવામાં આવેલ નોટીસ કલમ–૨૭૦ મુજબ આપવામાં આવેલ છે. જે ખરેખર ગ્રામ પંચાયત ને લાગુ પડે છે નહી કે નગરપાલિકાને. નગરપાલિકાને કલમ–૨૭૦ મુજબની નોટીસ લાગુ પડતી નથી. હવે, વાદી જો એવું જણાવતા હોય કે પ્રતિવાદી નિયમ મુજબ, પ્લાન મુજબ, નકશા મુજબ માપતાલમાં બાંધકામ કરતા નથી, તો તેઓએ તેમની દાવાઅરજીમાં આ પૈકી કયા માપનું, કઈ બાજુનું, કઈ રીતનું પ્રતિવાદીએ

વધારાનું બાંધકામ કરેલ છે અથવા તો નિમય વિરુધ્ધનું કરેલ છે તેવી કોઈ હકીકત વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલ નથી. વધુમાં આ મનાઈ અરજીમાં એવું જણાવે છે કે, પ્રતિવાદીઓના કૃત્ય થી હરકત હેલો થાય છે તો આવી કોઈ હકીકત તેમના દાવા અરજીમાં જણાવેલ નથી કે હરકત હેલો થાય છે તે કઈ હકીકતથી થાય છે. આ કામે પ્ર તિવાદી તરીકે નગરપાલિકાને જોડવામાં આવેલ છે. પરંતુ નગરપાલિકા સામે કોઈ દાદ માંગેલ હોય, નગરપાલિકાની કોઈ કાર્યવાહીથી વાદીને કોઈ અસર થયેલ હોય તેવું જણાઈ આવતું નથી છતા તેને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે તો તેને શા કારણથી જોડેલ છે તે અંગેની કોઈ હકીકત વાદી રેકર્ડ ઉપર લાવેલ નથી.

પ્રતિવાદી નં.૨ તર્ફે કોઈ હાજર રહેલ નથી કે રજુઆત કરવામાં આવેલ નથી.

૬) વાદીએ હાલની અરજી ચાલુ દાવા વચગાળાના મનાઈ હુકમ મેળવવા માટે કરેલી છે. માટે સૌપ્રથમ સી.પી.સી. ઓ.૩૯, રૂલ ૧,૨ ની જોગવાઈ આ મુજબ છે,

ORDER XXXIX

TEMPORARY INJUNCTIONS AND INTERLOCUTORY ORDERS

Temporary injunctions

1. Cases in which temporary injunction may be granted.—Where in any suit it is proved by affidavit or otherwise—

(a) that any property in dispute in a suit is in danger of being wasted, damaged or alienated by any party to the suit, or wrongfully sold in execution of a decree, or

(b) that the defendant threatens, or intends, to remove or dispose of his property with a view to [defrauding] his creditors,

[(c) that the defendant threatens to dispossess, the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to any property in dispute in the suit,]

the Court may by order grant a temporary injunction to restrain such act, or make such other order for the purpose of staying and preventing the wasting, damaging, alienation, sale, removal or disposition of the property [or dispossession of the plaintiff, or otherwise causing injury to the plaintiff in

Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

relation to any property in dispute in the suit] as the Court thinks fit, until the disposal of the suit or until further orders.

તે તથા વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ કોર્ટ વચગાળાનો મનાઈ હુકમ આપતી પહેલા નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવાના રહે છે.

(૧) શું વાદીનો કેસ પ્રથમ દર્શનીય છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

(૩) શું મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેઓ નુકસાન થવું સંભવ છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત ત્રણેય મુદ્દાઓનો જવાબ જો વાદીની તરફેણમાં આવતા હોય તે સંજોગોમાં વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

૭) હાલની મનાઈ અરજીના નિર્ણય અર્થે મુદ્દા નં.૧ થી ૩ છે. તેઓની ચર્ચા સંયુકત રીતે કરું છું.

વિશ્લેષણ

૮) આ કામે વાદીઓએ જણાવ્યા મુજબ પ્રતિવાદીએ છજ્જુ કાઢેલ છે તેવી હકીકત પંચનામા મુજબ જણાય આવે છે. પરંતુ ફકત છજ્જુ કાઢવાના કારણે હવા ઉજાશ અને સુર્યપ્રકાશનો હકક અવરોધાતો હોય તેવી હકીકત માનવા લાયક જણાય આવતી નથી. તેમજ નગરપાલીકાને નોટીસ આપવા છતાં તેણે કોઈ કાર્ય ન કરવાથી વાદીઓની દાવાની હકીકત સાચી ઠરી જતી નથી તેમજ વાઈ–સે–વરસા એ હકીકત પણ માની શકાય કે પ્રતિવાદી જે બાંધકામ કરી રહેલ છે તે તેમની હદખુંટ મુજબનું અને માપતાલ મુજબનું પરવાનગી મુજબનું કરી રહેલ હોય જેથી નગરપાલીકા દવારા કાર્યવાહી કરવામાં આવેલ ન હોય.

હવે, પ્રતિવાદીએ ખરેખર જે બાંધકામ કરેલ છે તે માપતાલ વિનાનું અને પ્લાન પાસ વિનાનું કરેલ છે તેવી હકીકત આ કામે તમામ પુરાવો લીધા બાદ નકકી થઈ શકે તે પ્રકારની હકીકત છે. તેમજ જે પ્લાનનો નકશો વાદી તરફે રજુ કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો પ્રતિવાદીના પ્લોટ અને બાજુના પ્લોટનો ભાગ સહિયારો આવેલ છે તેમ જણાય આવે છે આમ, જયારે સહિયારો ભાગ આવેલ છે ત્યારે વાદીઓના કથન મુજબ પ્રતિવાદીના બાંધકામ કરવાથી હવા ઉજાશ અને સુર્યપ્રકાશનો હકક અવરોધાય છે તે હકીકત તે અંગે વિગતવારનો પુરાવો લીધા બાદ નકકી થઈ શકે.

વાદીઓના કથન મુજબ પ્રતિવાદીએ તેમના બાંધકામમાં કયા પ્રકારનું બાંધકામ કરેલ છે અને કયા પ્રકારનું વધારાનું બાંધકામ કરેલ છે તેવી કોઈ હકીકત તેમની અરજીમાં જણાવેલ નથી, તેમજ પ્રતિવાદીએ બાંધકામ પુર્ણ કરેલ હોય અથવા તે કઈ રીતે અવરોધક છે તેવી પણ કોઈ નકકર હકીકત વાદીએ અરજીમાં જણાવેલ નથી.

હવે, વાદીઓના કથન મુજબ પ્રતિવાદીના પ્લોટની પશ્ચિમ બાજુએ સનરાઈઝ કોમ્પ્લેક્ષ આવેલ છે. અને આ કોમ્પ્લેક્ષની પુર્વ બાજુએ એટલે કે પાછળના ભાગે પ્રતિવાદીનું મકાન પડે છે જે મકાન એક મજલાનું બાંધકામ ચાલુ છે. તો તે મકાન બનવાથી ખરેખર આગળનું કોમ્પ્લેક્ષ અગાઉનુ બનેલ હોય ત્યારે ફકત પ્ર તિવાદીના મકાન બનવાથી વાદીઓનો હવા ઉજાશ અને સુર્યપ્રકાશનો હકક અવરોધાય છે તેવી હકીકત યોગ્ય પુરાવો નોંધ્યા બાદ નકકી થઈ શકે તે પ્રકારની છે. તેમજ પ્ર તિવાદીના મકાન બનાવવાથી હવા ઉજાશ તથા સુર્ય પ્રકાશનો હકક તેમના અડીને આવેલ હોય તે મકાનનો અવરોધાય તે હકીકત એક તબકકે માની લઈએ પરંતુ અન્ય વાદીઓનો હકક કઈ રીતે અવરોધાય છે તેવી હકીકત પણ પુરાવો લીધા બાદ નકકી થઈ શકે તે પ્રકારની છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા વાદી

Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

પોતાનો પ્રાયમાફેસી કેસ સાબિત કરી શકતા નથી તેવું મારૂ માનવું છે. અને જ્યારે વાદી પોતાનો પ્રાયમાફેસી કેસ સાબિત કરી શકતા ન હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરરીપેરેબલ લોસ પણ વાદી તર્ફે જણાય આવતા નથી.

૯) આમ, વાદી પોતાની મનાઈ અરજીની હકીકત પોતાના તર્ફે સાબિત કરી શકતા ન હોય ત્યારે વાદીઓની મનાઈ અરજી **નામંજુર** કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

◀ હુકમ ▶

1] વાદીની હાલની આંક–૫ અન્વયેની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી "**નામંજુર**" કરવામાં આવે છે.

2] હાલની અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ રોજ તારીખ **દશ**[મી] માહે **માર્ચ** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૦/૦૩/૨૦૨૫
માણસા

(જે. જી. પટેલ)
એડીશ્નલ સીવીલ જજ,
માણસા
GJ 01699

PSP & SELF